નેત્રંગના મે.જ્યુડીશીયલ મજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.નેત્રંગ,તા.નેત્રંગ જી.ભરૂચ.

ક્રિમીનલ કેસ નંબર–૭૬૫/૨૦૨૩

આંક–૧૨

ફરિયાદી – સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી– માનવેન્દ્રકુમાર નાગેન્દ્રપાલસિંહ ચૌહાણ.
રહે.પીલોના,ટાવરવાળી ગલી,તા.ગભાના જી.અલીગઢ(યુ.પી.)

ગુનો–ઈ.પી.કો.ની કલમ–૨૭૯,૪૨૭ તથા,એમ.વી.એકટ–૧૭૭,૧૮૪ મુજબ

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૨૭૯,૪૨૭,એમ.વી.એકટ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાની ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આ કામે આરોપી હાજર થતા, આરોપી વિરૂધ્ધ પ્લી રેકર્ડ કરવામાં આવેલ ત્યારબાદ આરોપીએ અત્રેની કોર્ટને પોતાની સ્વેરછાએ ગુનાની કબુલાત પુરશીશ રજુ કરેલ છે જેમાં આરોપીનાએ આ તેમનો પ્રથમ ગુનો છે અને આવા પ્રકારના ગુનાનુ ફરીથી પુનરાવર્તન ન થાય તેની ખાત્રી આપી માફી આપવા વિનંતી કરી નજીવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આરોપીની ઉપરોકત ગુન્હાની કબુલાત જોતાં અને તેમણે કરેલ રજુઆત જોતાં આરોપીએ પોતે કરેલ ગુનાનો સ્વેચ્છાપુર્વક એકરાર કરેલ છે તે તમામ હકીકત તથા કેસના સંજોગો તથા કાયદામાં ફરમાવેલ દંડની જોગવાઈઓને ધ્યાને લઈ આરોપીની સ્વેચ્છાપુર્વકની ગુનાની કબુલાતના આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા અન્વયે આરોપીને ઈ.પી.કો.ની કલમ–૨૭૯,૪૨૭,એમ.વી.એક્ટ–૧૭૭,૧૮૪ મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી આરોપીને રૂા.૧૨૦૦/– (અંકે રૂપિયા બારસો પુરા) નો દંડની સજા કરવામાં આવે છે. આરોપી દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને દિન : ૧ ની સાદી કેદની સજા ભોગવવી.

આ હુકમ આજરોજ તા.૦૬ માહે.મેં–સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૬–૦૫–૨૦૨૬
સ્થળ : નેત્રંગ

**( બી.આર.લખવાણી )**
**જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, નેત્રંગ,**
**કોડ નં. જીજે૦૧૭૧૧**